અપીલ અરજી નં.૨૧૭ તા.૨૧–૧૦–૦૮

અરજદારઃ શ્રી ચંદ્રકાંતભાઈ રતીલાલ કોસંબીયા
સામાવાળાઃડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)

## હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંદ્રકાંતભાઈ રતીલાલ કોસંબીયાની તા.૨૦–૯–૦૮ ની અરજીથી લીંબાયત ઝોનમાં ટીચવેલ કુરીયર સર્વીસની કામગીરીના રૂ.૧૨૦૦૦/– એસ.ડી.ના નાણા ભરેલ જે છેલ્લા ત્રણ વર્ષથી આપતાં નથી તે આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૧–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૧૭/૨૦૦૮–૦૯

શ્રી ચંદ્રકાંત ભાઈ રતીલાલ કોસંબીયાની તા.૨૦–૯–૦૮ ની અરજીથી લીંબાયત ઝોનમાં કુરીયર સર્વીસની કામગીરીના રૂ.૧૨૦૦૦/– એસ.ડી.ના નાણા ભરેલ જે છેલ્લા ત્રણ વર્ષથી આપતાં નથી તે આપવા બાબતે ડે.કમિશ્નર(હેઅનેહો) અને જાહેર માહિતીઅધિકારી લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૬૦૬ તા.૬–૧૦–૦૮ થી આપેલ જવાબથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૦ તા. ૨૪–૧૦–૦૮ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૯૬ તા.૧૧–૧૧–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૨૦–૯–૦૮ ની અરજી બાબતે ટીચવેલ કુરીયર સર્વીસ લીંબાયતના સીકયુરીટી ડીપોઝીટ રૂ.૧૨૦૦૦/– જમા નાણા પરત મેળવવા બાબતે માહિતી માંગતી કરેલ અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સા.ઈ.ઝોન/મહેકમ/૨૬૦૬ તા.૬–૧૦–૦૮ થી અરજદારને ખાતાકીય કાર્યવાહી પૂર્ણ કરી આકારણી ખાતા નં.૪૬૨ તા.૨૪–૯–૦૮ થી હિસાબનીશ પ્રતિ મોકલવામાં આવેલ છે. જે કાર્યવાહી પૂર્ણ થયા બાદ પ્રિ–ઓડીટની કાર્યવાહી સારું ઓડીટ ખાતામાં રવાના થશે ત્યાર બાદ ઓડીટ કાર્યવાહી પૂર્ણ થયા બાદ હિસાબીખાતામાં ચૂકવણી અર્થે જશે તેવી માહિતી અરજદારને સમય મર્યાદામાં પૂરી પડાયેલ છે. તેમ છતાં અરજદારે નારાજગી વ્યકત કરી અપીલ અરજી કરેલ છે. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સીકયુરીટી ડીપોઝીટની કાર્યવાહીની છેલ્લી પ્રક્રિયા અંગે સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૨૩ તા. ૨૪–૧૦–૦૮ થી હિસાબનીશ ખાતામાં કામગીરી પૂર્ણ કરી પ્રિ. ઓડીટની કાર્યવાહી માટે હિસાબનીશ ખાતાના આ.નં.૧૩૪૩ તા.૩૦–૯–૦૮ ના રોજ મેઈન ઓફિસે ઓડીટ ખાતામાં ફાઈલ મોકલવામાં આવી છે. ઓડીટ કાર્યવાહી પૂર્ણ થયા બાદ સીકયુરીટી ડીપોઝીટ પરત કરવામાં આવતી હોય આ કિસ્સામાં પણ એ જ પધ્ધતિ મુજબ કાર્યવાહી હાથ ધરાશે તેવી માહિતી અરજદારને પૂરી પાડેલ હોવાની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અન્વયે માહિતીની વ્યાખ્યા જોતાં ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતીનો સમાવેશ થાય છે. જયારે કલમ–૨(જે) હેઠળ માહિતીના અધિકારમાં જાહેર સત્તા મંડળ પાસેની કે નિયંત્રણ હેઠળની માહિતી મેળવવાનો અધિકાર છે. અરજદારે " નાણા આપવા બાબત" ની રજૂઆત કરેલ છે. જે કાર્યવાહી અનુસરવાને લગતી કલમ–૨(એફ ) તથા જેના કાર્યક્ષેત્ર બહારની છે તેમ છતાં " અરજદારની તા.૨૦–૯–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી અરજદારને ટીચવેલ કુરીયર સર્વીસ લીંબાયતના સીકયુરીટી ડીપોઝીટ રૂ.૧૨૦૦૦/– જમા નાણા પરત મેળવવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી છેલ્લામાં છેલ્લી હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી,લીંબાયત ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચંદ્રકાંતભાઈ રતીલાલ કોસંબીયા